# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૮
અંક : ૧૨

૨૦૨૪ : ડિસેમ્બર
માસિક : રૂ. ૫/-

**: तंत्री :**

*શ્રી જગતભાઈ એચ. દવે*

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬-૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

**BAJKHEDAWAL PATRIKA2**

WhatsApp group

# તંત્રી લેખ...

માનવી ઉપર ભગવાને કરેલી અપાર કરૂણા અને પૈસા ખર્ચ કરતાં પણ ન મળે તેવી અમૂલ્ય વસ્તુ આપણને આપી છે તેનો મહીમા સમજીએ.

કોઈ પણ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ હતી, એવું કોઈ અસામાન્ય કામ પણ નથી છતાં માથાનાં વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ કલાક ભગવાનું રક્ત પ્રવાહિત કરે છે.

જીભ પર નિયમિત અભિષેક કરે છે. નિરંતર તું મારું હૃદય ચલાવે છે. એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યું છે હે ભગવાન એ સમજ બહાર છે.

પગનાં નખથી લઈ માથાનાં વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી... કઈ અદ્રશ્ય શક્તિથી ચાલી રહી છે એજ કોઈ સમજાતું નથી. હાડકા અને માસમાં બનવાવાળું રક્ત કેવુ અદ્વિતીય આર્કિટેકચર છે એનો કોઈ અંદાજ નથી. હજાર-હજાર મેગા પિક્સવાળા બે-બે કેમેરા દિવસ-રાત બધા દશ્યો કેદ કરી રહ્યા છે.

દસ-દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામની ટેસ્ટર, અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચાના મની સેન્સર પ્રણાલી અને જુદી-જુદી ફ્રીક્વંસીની અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી અને એ ફ્રીક્વંસીનું કોડિંગ-ડિકોડિંગ કરવાવાળું કાન નામનું યંત્ર.

પંચોતેર ટકા પાણીથી ભરેલું શરીરરૂપી ટેન્કરમાં હજારો છિદ્ર હોવા છતાં ક્યાયથી લીક નથી થતું. કોઈ આધાર વગર હું ઊભો રહી શકું છું. ગાડીના ટાયર ઘસાય છે, પણ પગનાં તળિયા ક્યારેય ઘસાતા નથી અદ્ભૂત એવી રચના છે.

દેખભાળ, સ્મૃતિ, શક્તિ- શાંતિ આ બધું ભગવાન તું આપે છે, તું જ અંદર બેસીને શરીર ચલાવે છે છતાંય કોઈ ને કદી દેખાતો જ નથી. અદ્ભૂત છે બધું અવિશ્વસનીય સમજમાંના આવે તેવું આવા શરીરરૂપી મશીનમાં હંમેશા તું જ છે.

એનો અનુભવ કરાવવાવાળો આત્મા ભગવાન તે એવો કૈક ફીટ કરી દીધો છે કે હવે શું તારી પાસે માંગુ ?

તારા આ જીવશિવાનો ખેલનો નિસ્છલ નિસ્વાર્થ પ્રેમનો ભાગ રહું એવી સદ્બુદ્ધિ મને આપો. તું જ આ બધું સંભાળે છે એનો અનુભવ મને હંમેશા રહે, રોજ પળ-પળ કુતજ્ઞતાથી તારો ઋણી હોવાનું સ્મરણ, ચિંતન હોય એવી સર્વોપરી ભગવાન આપના ચરણોમાં પ્રાર્થના છે.

સ્વસ્થ રહો મસ્ત રહો.

**સંકલન - તંત્રી - શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## ચાલો....ચાલો....ચાલો....

# અંબાજી.... અંબાજી.... અંબાજી...

**૩૬મું રાષ્ટ્રીય અધિવેશન**

માતાજીની અસીમ કૃપાથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અધિવેશનો રૂપી મેળાવડા દર વર્ષે કરી સંસ્થાની આવકમાં નિરંતર વધારો કરી રહેલ છે.

તા. ૩૧-૩-૨૪ના રોજ કુલ ભંડોળ રૂ. ૨,૧૭,૫૦,૦૦૦/- પહોંચેલ છે. જે તા. ૩૧-૩-૨૫ના રોજ અંદાજિત રૂ. ૨,૪૫,૦૦,૦૦૦/- પહોંચે તેવો અંદાજ છે. ટીપે ટીપે સરોવર ભરાયની નિતીથી સંસ્થાના હોદ્દેદારો પ્રયત્નશીલ છે. વિશિષ્ટ સહાયમાં પણ ક્રમશઃ વધારો કરતાં તા. ૧-૮-૨૦૨૪થી પ્રત્યેક બહેન દીઠ રૂ. ૨૦૦૦/- થી વધારીને રૂ. ૨૫૦૦/- પ્રત્યેક માસે કર્યા છે. જે અમારી અપેક્ષા મુજબ તા. ૩૧-૩-૨૫ પછી રૂ. ૩૦૦૦/-પણ થઈ શકે.

આગામી ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૮-૧૨-૨૦૨૫ના રવિવારના રોજ અંબાજી મુકામે યોજવાનું આપ સૌના સહકારની અપેક્ષાથી મૉ અંબાના ચરણોમાં અંબાજી મુકામે યોજવાનું નક્કી કરેલ છે, જેમાં નીચે મુજબના ગામો દ્વારા અધિવેશનમાં પ્રત્યક્ષ હાજરી આપવા માટેના વચનો મળ્યા છે. હજુ બીજા ગામો સાથે આ બાબતના પ્રયત્નો ચાલુ છે.

| | | |
|---|---|---|
| (૧) પ્રણવકુમાર જોષી | સંખ્યા ૬૦ | - નડિયાદ |
| (૨) શૈલેષભાઈ જોષી | સંખ્યા ૧૨૦ | - અમદાવાદ |
| (૩) બાજખેડાવાળ સમાજ -વસો | સંખ્યા ૬૦ | - વસો |
| (૪) બાજખેડાવાળ સમાજ | સંખ્યા ૬૦ | - મહેમદાવાદ |
| (૫) બાજખેડાવાળ મંડળ | સંખ્યા ૬૦ | - આણંદ |
| (૬) બાજખેડાવાળ એજ્યુ. સોસાયટી | સંખ્યા ૧૨૦ | - વિદ્યાનગર |
| (૭) હજુ એક સમાજ તરફથી | સંખ્યા ૬૦ | |

આમ કુલ મળી ૫૪૦ ડેલેગેટ્સની સંખ્યાથી શ્રી ગણેશ કરી આગળ વધવાનું છે જે કદાચ ૭૦૦ ડેલીગેટ્સ સુધી પહોંચે તથા મહેમાનો અંદાજિત ૩૦૦ થાય. આમ કુલ મળી ૧૦૦૦ થી ૧૨૦૦ની સંખ્યા અંબાજી મુકામે એક સાથે બાજખેડાવાળ જ્ઞાતિજનો ભેગા થાય તેવો આ પ્રથમ પ્રયત્ન હશે વર્ષમાં એક દિવસ ૧૨ મહિના પહેલા માતાજીના નામે કાઢી અને પ્રત્યક્ષ જ્ઞાતિગંગાના આ શુભ અવસરમાં લ્હાવો લેવા માટેના ચોક્કસ પ્રયત્નો કરશો દરેક સંસ્થા દ્વારા અંબાજી પહોંચવા માટેની અલગ અલગ વ્યવસ્થાઓ (આર્થિક) ગોઠવવામાં આવશે જેની સમાચાર માધ્યમ દ્વારા જાગૃત રહી તમારી સીટ બુક કરાવી લેશો.

માતાજીના દરબારમાં એક પંથ ત્રણ કાજ થાય એવો ત્રિવેણી સંગમનું આયોજન કરેલ છે (૧) અધિવેશન (૨) અંબાજી મંદિર-ગબ્બર ગોખના દર્શન (૩) ક્ષીરજામ્બા માતાજીના દર્શન સામાન્ય રીતે દરેક ગામમાંથી બસ મારફતે અથવા પોતાના સાધનો લઈને તેમજ અન્ય રીતે અંબાજી પહોંચી શકાય. સવારના નાસ્તા તથા અધિવેશન અને ભોજનને ન્યાય આપ્યા બાદ ૨.૦૦ થી ૬.૦૦ સુધી આપશ્રી દર્શનનો તથા ખરીદીનો લાભ લઈ ૬.૦૦ થી ૭.૦૦ ભોજન માણી અંબાજીથી મોડામાં મોડા ૭.૦૦ વાગે નિકળો તો પોતાના ગામ-શહેરમાં રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી પહોંચી શકાય. આવુ સુંદર આયોજન કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

## શતચંડી યજ્ઞ

૩૫માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષ તથા ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનના ઉદ્‌ઘાટકશ્રી સમીરભાઈ દવેની પ્રેરણાથી તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ અંબાજી મુકામે શતચંડી યજ્ઞનું ભવ્ય આયોજન નક્કી કરવામાં આવેલ છે. પ્રાથમિક આયોજન મુજબ મુખ્ય યજમાન તરીકે સમીરભાઈ દવે બિરાજમાન થશે. આપને આ પત્રિકા જ્યારે આપના હાથમાં આવશે ત્યારે રૂ. ૨૧,૦૦૦/-વાળા ૭ સહ-યજમાનના નામોની નોંધણી થઈ ગયેલ છે. વધુ ૧૩ સહ યજમાન લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે કિરીટકુમાર દવેને રકમ ભરી નામ નોંધાવવાના રહેશે. તા. ૨૪-૧૨-૨૦૨૫ના રોજ બપોર સુધીમાં અંબાજી પહોંચવાનુ રહેશે. તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર-૨૫ ત્રણ દિવસનું શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. સહ-યજમાનોની મળેલ રકમ સિવાય બાકીના ખર્ચની બધી જ રકમ સમીરભાઈ દવે દ્વારા આપવાનું જણાવેલ છે. સંસ્થા તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. (આ સત ચંડી યજ્ઞમાં યજમાનો, ગુરુદેવો, પુજા પાઠનો, રહેવાનો, જમવાનો ખર્ચ અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/- સુધી થાય તેવી ધારણા છે)

### ખાસ નોંધ

(૧) હવનમાં બેસનાર યજમાનો માટે બે જણની વ્યવસ્થા રહેવાની તથા જમવાની અંબાજી મુકામે કરવામાં આવશે.

(૨) પ્રત્યેક યજમાનને પિતાંબર, ઝભ્ભાનું કાપડ, બહેનો માટે સાડી, બેસવાના આસન, નેપકીન, તાંબાના આચમની, તરભાણું, લોટો-પ્યાલોના બે સેટ અંબાજી માતા તથા ગણેશની મુર્તિ તથા સપ્તસતી યંત્ર, અધિવેશન પાસ નંગ-૨ વિના મૂલ્યે આપવામાં આવશે. (આપની જાણ માટે ચાર દિવસનો રહેવા-જમવાનો ખર્ચ તથા સાહિત્યનો ખર્ચ જ અંદાજિત રૂ. ૧૦,૦૦૦/- થશે. આ અંગે આ માહિતી શાંતિથી વાંચી વિચારી આપને શતચંડી યજ્ઞમાં રસ હોય તો કિરીટકુમાર દવેનો (મો) ૯૮૨૫૧૮૯૪૪૭નો સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી સંપર્ક કરશો.

(૩) શતચંડી યજ્ઞમાં બેસનાર જ્ઞાતિજનનો જણાવવાનું કે રાજસ્થાનમાં ડિસેમ્બર મહિનામાં લગ્નો બહુ હોવાથી યજ્ઞ માટેની જગ્યા તથા ભોજન તથા રહેવા માટેની જગ્યા વહેલી બુક કરવાની થતી હોવાથી આયોજન મોટું હોવાથી જે કોઈ જ્ઞાતિજનને શતચંડી યજ્ઞમાં બેસવાની ઇચ્છા હોય તેવા જ્ઞાતિજનોએ તા. ૩૧-૧-૨૦૨૫ પહેલા પૂરેપૂરી રકમ ભરી નામ નોંધાવી દેવા.

(૪) આપશ્રી સાથે આપના સગા-સ્નેહી-મિત્ર વર્તુળ આવવાનું હોય તો પ્રત્યેક બે વ્યક્તિદીઠ ત્રણ દિવસની રૂ. ૩૦૦૦/- રૂમના અને રૂ. ૩૦૦૦/- ભોજન સાથે ભરવાના રહેશે. આપશ્રીના મહેમાનો માટે આ જગ્યાનો આગ્રહ ન હોય અને તમો તમારી રીતે બીજે વ્યવસ્થા કરવાના હોવ તો તેની સામે અમને કોઈ વાંધો નથી. પરંતુ અમારે જો આ વ્યવસ્થા કરવાની હોય તો બધી રકમ એક સાથે ભરવી ફરજીયાત છે.

(૫) શતચંડી યજ્ઞને અને હિતવર્ધક સભાને ટૂંકમાં અધિવેશનને કોઈ લેવા દેવા નથી આ આયોજન માત્રને માત્ર ધાર્મિક કાર્ય કરવા માટેનું જ છે જેની નોંધ લેશો.

(૬) અધિવેશન સ્થળ તથા હવનનું સ્થળ આપને ૬ માસ પહેલા જણાવી દેવામાં આવશે.

**કિરીટકુમાર દવે** — **સમીરભાઈ દવે**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતાશ્રી

### શ્રી જગદીશચંદ્ર નટવરલાલ દવે

શ્રી જગદીશચંદ્ર દવેનું મૂળ વતન ઉમરેઠ છે તેમનો જન્મ ૨૩-૧-૧૯૩૬માં માતાશ્રી કમળાબેનના ખોળે અને પિતાશ્રી નટવરલાલ ઈશ્વરલાલ દવેના ખોરડે ઉમરેઠ મુકામે થયેલ. તેઓ કુલ આઠ ભાઈ-બહેનો હતા. શ્રી જગદીશભાઈએ પ્રાથમિક શિક્ષણ ઉમરેઠ લીધું હતું. પોતાની કારકિર્દીની શરૂઆત ઉમરેઠની જ્યુબીલી હાઈસ્કુલમાં શિક્ષણ તરીકે શરૂ કરી હતી. ત્યારે જ્યુબીલી હાઈસ્કુલ દ્વારા એમની કોલેજ અભ્યાસ B.Sc. Hon. LLB માટે લીધેલ લોન તેમના પગાર પેટે ચૂકવાતા હતા. ત્યારે તેમના પિતાજી નટવરલાલ દવે પણ જ્યુબીલી હાઈસ્કુલમાં જ શિક્ષક તરીકે સેવા આપતા હતા. ત્યારબાદ શ્રી જગદીશભાઈએ બરોડામાં ૧૯૫૮માં કેમીસ્ટ તરીકે, કોલીટી કન્ટ્રોલ હેડ તરીકે સારાભાઈ કેમીકલ્સની લેબોરેટરી વિભાગમાં જોબ શરૂ કરી. પોતાની સંપૂર્ણ જોબ જનરલ મેનેજર એડમીનીસ્ટ્રેશન તરીકે પૂર્ણ કરી. એ ઉપરાંત કન્સલ્ટન્ટ તરીકે બીજા પાંચ વર્ષ જોબ કરી. પોતાની સંપૂર્ણ કારકીર્દી ખૂબ જ સફળતાપૂર્વક ઝળહળતી પ્રતિભા ઉભી કરી આજે સંપૂર્ણ ૯૦ વર્ષે સંપૂર્ણ નિવૃત્ત પણ સ્વસ્થ-સ્ફુર્તિમય ઉર્જામય જીવન પ્રસાર કરી રહેલ છે. તેમના પત્ની સુહાગીબેન ગુજરાતી યુનિવર્સિટીમાંથી BS Hons. ડીગ્રી ડૉક્ટર ઓફ નેચરોપેથીમાં મેળવી સીવીલ હોસ્પીટલમાં જોબ કરી. શ્રી સુહાગીબેન પોતે પણ નિવૃત જીવન જીવે છે. તેમના એક માત્ર પુત્રી ગીરીજાબેન BE Engeenering MBA કરી અત્યારે GUVNL ની ગવર્નમેન્ટ ઓફીસમાં કન્ટ્રોલ એકાઉન્ટમાં કલાસવન ઓફીસર તરીકે જોબ કરે છે. શ્રી જગદીશભાઈ તથા તેમનું સંપૂર્ણ કુટુંબ સદા સમાજ સેવા માટે તત્પર રહે છે. શ્રી બાજખેડાવાળ મહિલા મંડળને તેઓ તરફથી અવાર નવાર આર્થિક યોગદાન મળતુ રહે છે તેમના તરફથી અમોને શૈક્ષણિક ફંડમાં રૂ. ૨,૫૧,૦૦૦/- મળેલ છે અમો આપનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

**શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતાશ્રી



### શ્રી સુહાગીબેન જગદીશચંદ્ર દવે

શ્રીમતી સુહાગીબેન જગદીશચંદ્ર દવે, અમદાવાદ ખાતે પોતાનો પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી ગુજરાત યુનિવર્સિટીમાંથી ડૉક્ટર ઓફ નેચરોપેથીની ડીગ્રી સાથે સીવીલ હોસ્પિટલમાં નિયુક્તિ પામ્યા હતા. શ્રી જગદીશભાઈ સાથે લગ્ન બાદ તેમને સંતાનમાં દીકરી ગીરીજાબેન છે શ્રી સુહાગીબેન આપણા બાજખેડાવાળના ગૌરવવંતા કવયિત્રી છે. આજે આટલી ઉંમરે પણ તેઓ ખૂબ સારી કવિતા લખે છે. તેમના જીવનના લક્ષ્યોમાં કવિતા લખવી. પતિશ્રી જગદીશભાઈની સેવા કરવી અને તેમની સમાજલક્ષી પ્રવૃત્તિમાં સાથ આપવો. તેમણે લખેલ કાવ્ય નીચે મુજબ છે.

એક સવારે આવી મુજને કોણ ગયું ઝળકાવી
વસંતની ફુલમાળા પહેરી
કોકીલની લઈ બંસી
પરાગની પાવડીઓ પહેરી
કોણ ગયું ઉર પેસી
મુજને કોણ ગયું ઝળકાવી - એક સવારે
મીઠા મધુરા શમણા સજાવી
રજનીએ લીધી વિદાઈ
મીઠી મધુરી યાદો સાથે
શમણાએ લીધી વિદાઈ
મુજને કોણ ગયું ઝળકાવી-એક સવારે
સપ્તરંગી કિરણે રંગાઈ
આવી સુરજની જ્યારે સવારી
સોનેરી કિરણોથી ગગન ગયું શોભાવી
મુજને કોણે ગયું ઝળકાવી-એક સવારે
રાગ મલ્હાર મયૂરે ગાયો
પક્ષીઓનો કલરવ સંભળાયો
મીઠી મધુરા નાદે નીંદ મારી ભગાવી
મુજને કાણે ગયું ઝબકાવી-એક સવારે

#### વસંતના વધામણા

ફૂલડે ફૂલડે ફોરમ ભરતી,
વસંત આવી હસતી રમતી...
ડાળે ડાળે ફૂલડાં ખીલ્યા,
મહેક લાવી મનગમતી
વસંત આવી હસતી રમતી...

આંબા ડાળે કોયલ બોલે,
આમ્રકુંજો લાગે રણકતી
વન-ઉપવને મોરલા ટહુકે,
ધરા લાગે આનંદથી ઝૂમતી
વસંત આવી હસતી રમતી...

યુવા દિલો સ્નેહે રંગાઈ,
પ્રણય ગીતો ગાયે મસ્તીથી...
સ્નેહભર્યું સંગીત સુણીને,
કુદરત મનમુકીને ઝુમતી...
વસંત આવી હસતી રમતી...

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર,

વ.વિદ્યાનગર-૩૮૮૧૨૦,તા.જી. આણંદ.

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા તા. ૨૧/૨૨, ડિસેમ્બર-૨૪ શનિ-રવિવાર, આણંદથી ક્ષીરજાંબા-ખેડબ્રહ્મા-વરતોલ-અંબાજી-મહુડી -આણંદના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ સાથે સાથે સમગ્ર બાજખેડાવાળ સમાજના ઉત્કર્ષ અર્થે આપણી કુળદેવી ક્ષીરજાંબા માતાના મંદિર પટાંગણમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ જેમાં નીચે મુજબના યજમાનોએ લાભ લીધેલ.

(૧) મુખ્ય યજમાન-રૂ. ૨૧૦૦૦/- શ્રી સમીરભાઈ દવે (બન્ટી)-અમદાવાદ (૨) સહ યજમાન-રૂ. ૧૧૦૦૦/- શ્રી કિરીટકુમાર દવે-આણંદ (૩) સહયજમાન-રૂ. ૧૧૦૦૦/- શ્રી મુકેશકુમાર દવે-આણંદ (૪) સહયજમાન-રૂ. ૧૧૦૦૦/- શ્રી પ્રણવભાઈ જોષી-નડીયાદ (૫) સહ યજમાન - રૂ. ૧૧૦૦૦/- શ્રી સુધીરભાઈ મહેતા-નડીયાદ (૬) સહયજમાન-રૂ. ૧૧૦૦૦/- શ્રી ધવલભાઈ ત્રિવેદી-નડીયાદ (૦૭) સહયજમાન-રૂ. ૧૧૦૦૦/- શ્રી વિવેકકુમાર દવે-નડીયાદ (૦૮) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી રીંજલ પંડ્યા-આણંદ (૦૯) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી જતીન ઠાકર-આણંદ (૧૦) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી કૌશલ ડણાંક-આણંદ (૧૧) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી ખંજન ડણાંક-અમદાવાદ (૧૨) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી સચીન દવે-વ.વિ.નગર (૧૩) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી જીગ્નેશભાઈ ભટ્ટ-આણંદ (૧૪) યજમાનશ્રી-રૂ. ૫૦૦૦/- શ્રી જીતુભાઈ પંડ્યા-આણંદ

કુલ ૧૪ જ્ઞાતિજનોએ આ આયોજનમાં ભાગ પ્રત્યક્ષ હાજરી આપી લાભ લીધો. દરેક યુગલને ઝભ્ભાનું કાપડ, પિતાંબર, સાડી, બેસવાનું આસન, નેપકીન તથા તાંબાના આચમની, તરભાણું, લોટો, પ્યાલોના તથા માતાજી અને ગણેશજીની મૂર્તિ સહિત અંદાજિત રૂ. ૩૭૫૦/-ની વસ્તુઓ આપવામાં આવી. નડીયાદ નિવાસી ગુરુદેવ શ્રી સ્નેહલભાઈ દવે દ્વારા નવચંડી યજ્ઞની શાસ્ત્રોક્ત વિધી-વિધાનથી નવચંડી યજ્ઞ કરાવવામાં આવ્યો.

આયોજકો દ્વારા ક્ષીરજાંબા મંદિરમાં ૭૨ નંગ ચોરસા તથા ૭૨ નંગ ચાદર તથા ઓશિકાના કવર તથા દાદરની રેલીંગ તથા બાથરૂમ રીનોવેશન અંગે અંદાજિત રૂ. ૪૧૨૦૦/-નું માતબર રકમનું દાન કરવામાં આવ્યું તથા કલ્પનાબેન કિરીટભાઈ દવે દ્વારા રૂ. ૭૨ નંગ ધાબળાનો અંદાજિત ખર્ચ રૂ. ૧૯૦૦૦/-નું દાન કરવામાં આવ્યું. આ તમામ વસ્તુઓ ક્ષીરજાંબા મંદિરને કાયમી ધોરણે આપી દેવામાં આવી. તા. ૨૧ ડિસેમ્બર ની રાતથી તા. ૨૨ ડિસેમ્બર બપોર સુધીના આયોજનમાં ૫ ટાઈમ નાસ્તો, ૪ ટંક ભોજનનું આયોજન કરવામાં આવ્યું. માત્ર રૂ. ૫૦૦/-માં આ સમગ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. એક સદગૃહસ્થ જ્ઞાતિજન તરફથી રૂ. ૩૧૦૦૦/- હજારનું નામ નહીં જણાવાની શરતે દાન મળેલ છે. આ પ્રોગ્રામમાં પ્રત્યક્ષ

અથવા પરોક્ષ રીતે હાજર રહેનાર તથા નામી-અનામી દાતાશ્રીઓનો સંસ્થા અંતઃકરણપૂર્વક આભાર માને છે. હાજર રહેલા સભ્યો દ્વારા વારંવાર આવા આયોજનોની પરંપરા જળવાય તેવા સુચનો કરવામાં આવ્યા.

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખ**

**પ્રણવકુમાર જોષી** — **મંત્રી**

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ, ભરૂચ

શ્રી બાજખેડાવાળની વાડી, પુરાણી માર્ગ, બળેલી ખો, ભરૂચ-૩૯૨૦૦૧

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ, ભરૂચની તા. ૧-૧૨-૨૪ના રોજ શ્રી બાજખેડાવાળની વાડી-ભરૂચ ખાતે સાધારણ સભા મળી જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો, બંધારણમાં સુધારા-વધારા, આગામી ટર્મ માટે વ્યવસ્થાપક કમિટી તથા ટ્રસ્ટી મંડળની નિમણૂંક, વાડીના મકાનમાં સુધારા-વધારા કરવા, ભરૂચના વતની એવા શ્રી સુધીરભાઈ ચીમનલાલ ભટ્ટનો પત્ર વેચાણે લીધો, ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં જરૂરી કાર્યવાહી કરવા વગેરે ઠરાવો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. તેમ જ વ્યવસ્થાપક કમિટી (નવ નિયુક્ત)ની મીટીંગમાં આગામી ટર્મ માટે હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી.

ટ્રસ્ટી મંડળ (૧) શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (૨) શ્રી શૈલેશકુમાર દવે (૩) શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટ (૪) શ્રી નિમેષભાઈ ભટ્ટ

વ્યવસ્થાપક કમિટિ (૧) શ્રી પરેશભાઈ ભટ્ટ - પ્રમુખ (૨) શ્રી અમરીશભાઈ દવે - ઉપપ્રમુખ (૩) શ્રી રાકેશભાઈ દણાક - માનદ્ મંત્રી (૪) શ્રી દિપેનભાઈ ભટ્ટ - સહમંત્રી

કમિટિ સભ્ય - (૫) શ્રી અતુલભાઈ શુકલ (૬) શ્રી હરેશભાઈ શેલત (૭) શ્રી જીતેન્દ્રભાઈ દણાક (૮) શ્રી નિતેષભાઈ ભટ્ટ (૯) શ્રી સાગરભાઈ શેલત (૧૦) શ્રી કૌશલભાઈ દેસાઈ

મૂળ ભરૂચના વતની જેઓ અમેરિકામાં વસવાટ કરે છે. તેઓ હાલમાં અમદાવાદ ખાતે આવેલા છે. તેવા શ્રી બાજખેડાવાળ જ્ઞાતિના સદ્ગૃહસ્થ શ્રી સુધીરભાઈ ચીમનલાલ ભટ્ટએ પોતાની માલિકી, કબજા-ભોગવટા, સ્વતંત્ર માલિકીનો ગામ-મણીપુર, તા. સાણંદ જિ. અમદાવાદની સીમમાં આવેલ બિનખેતીનો કિંમતી પ્લોટ શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ-ભરૂચને ટ્રસ્ટના હેતુઓ માટે બિન અવેજ બક્ષીસખત કરી આપવા લેખિતમાં પત્ર આપી જણાવેલ છે તે સાધારણ સભામાં તેમણે જણાવેલ શરતો સાથે સહર્ષ આભારની લાગણી સાથે સ્વીકારવા સર્વાનુમતે ઠરાવેલ છે.

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચના સ્નેહમિલન સમારંભ તેમજ માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં બેસી ઉત્તીર્ણ થયેલા જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઈનામ-વિતરણના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગીફ્ટ વાઉચર આપી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં જ્ઞાતિના જે સદ્ગૃહસ્થો

તરફથી નાનું-મોટું દાન મળેલ છે. તે સૌ જ્ઞાતિજનોનો સમિતિ આભાર સહસ્વીકાર કરે છે. કાર્યક્રમમાં વાડી વ્યવસ્થાપક શ્રી હિતેશભાઈ શુકલને તેમના સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા. જે સદ્ગૃહસ્થો તરફથી રૂ. ૫૦૦/- કે તેથી વધુ રકમનું દાન મળેલ છે. (૧) શ્રી સુધીરભાઈ ભટ્ટ રૂ. ૫૦૦૧/- (૨) સ્વ. સુહાસબેન કે. ભટ્ટના સ્મરણાર્થે કનૈયાલાલ ભટ્ટ તરફથી રૂ. ૨૫૦૦/- (૩) નિમેશભાઈ ચીમનલાલ ભટ્ટ રૂ. ૨૦૦૧/- (૪) શૈલેશભાઈ આર. દવે રૂ. ૧૫૦૦/- (૫) કેતન નરેન્દ્રભાઈ શુકલ રૂ. ૧૦૫૧/- (૬) ભરતભાઈ શુકલ રૂ. ૧૦૦૦/- (૭) હરેશભાઈ વૈકુંઠલાલ શેલત રૂ. ૫૦૦/- (૮) રાજેન્દ્રકુમાર ભાનુશંકર ભટ્ટ રૂ. ૫૦૦/- (૯) દક્ષાબેન દવે રૂ. ૫૦૦/- (૧૦) સુકેતુભાઈ ઠાકર રૂ. ૫૦૧/- (૧૧) શ્રી કલ્પેશ ભટ્ટ રૂ. ૫૦૦/- (૧૨) શ્રી હીનાબેન ઠાકર રૂ. ૫૦૧/- (૧૩) શ્રી જીતેન્દ્ર દણાક રૂ. ૫૦૦/- (૧૪) શ્રી કેતનકુમાર ઠાકર રૂ. ૫૦૦/- (૧૫) શ્રી જાગૃતિબેન દવે રૂ. ૫૦૦/-

**રાકેશ દણાક**
**માનદ્ મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, નડિયાદ. મો. ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમુહ અગિયારસ ઉજવણી કાર્યક્રમ થયો. તા. ૧૧-૧૨-૨૪ને બુધવાર માગશર સુદ અગિયારસ જેમાં સ્નેહલભાઈ દવે, ગણપતિ પુજન કરી ઉજળણીની પુજા શરૂ કરી, જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉજવણી તથા ફરાળમાં ભાગ લીધો.

તા. ૧-૩-૨૫, તા. ૨-૩-૨૫, તા. ૩-૩-૨૫ માતાવાળા તથા સમુહ જનોઈ રાખેલ છે. શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દર વર્ષે સમુહ પ્રોગ્રામ કરે છે. શ્રી બાજખેડાવાળ મહિલાને નાની-મોટી ભેટ તથા દાતાના સહયોગથી દરેક પ્રોગ્રામ સારી રીતે પાર પડે છે.

ભેટ (૧) પ્રવિણભાઈ એમ. (હસ્તે અંજનાબેન) રૂ. ૩૮૫૧/- (૨) શ્રી દક્ષાબેન કે. ભટ્ટ રૂ. ૫૦૧/- (૩) શ્રી ચંદ્રિકાબેન બી. પંડ્યા રૂ. ૫૦૧/- (૪) અસ્મિતાબેન આર. દવે તરફથી ફુલહારની ભેટ (૫) ગીતાબેન રમેશભાઈ મહેતા રૂ. ૫૦૧/- (૬) અન્ય તરફથી રૂ. ૫૦૦/-

**ભાવનાબેન શુકલ** — **પ્રમુખ**

**નિકેતા દવે** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ-૩૮૮૦૦૧ ફોન - ૦૨૬૯૨-૨૪૪૨૧૨

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા નૂતન વર્ષના આરંભે સ્નેહમિલનનું આયોજન તા. ૮-૧૧-૨૪ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિવાળી પર્વના

પ્રાગટ્ય આદ્યસ્થાપક શ્રી વનલતાબેન ભટ્ટ, પ્રમુખશ્રી દક્ષાબેન ખંભોળજા, શ્રી કિરીટભાઈ દવેના સાનિધ્યમાં બાજખેડાવાળ વાડી ખાતે યોજવામાં આવ્યો હતો.

દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમનો શુભારંભ કુ. ઉમાના કથક નૃત્ય-ગણેશ વંદનાની સ્તુતિ દ્વારા કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલા મંડળના સભ્યોના મનોરંજન માટે ગીતાબેન શુકલએ પુરાને નગમે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમાં વિદ્યાનગરના જી. એન. ભાવસારના મ્યુઝિકલ ગ્રુપ ઓરકેસ્ટ્રા દ્વારા સર્વે બહેનોને આનંદવિભોર બનાવી દીધા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ ગીતાબેન શુકલ દ્વારા કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમને સફલ બનાવવા સર્વ કમિટિ બહેનો, આમંત્રિત સભ્ય બહેનો અને દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રીતિ ભોજનને ન્યાય આપી સૌએ આઈસ્ક્રીમ સાથે સુંદર આયોજનના સ્મરણો સાથે છુટા પડ્યા હતા

દાતાઓના નામ (૧) દક્ષાબેન બી. વ્યાસ (યુ.એસ.એ.) રૂ. ૨૧૦૦૦/- (૨) ડૉ. પ્રવિણાબેન એન. પંડ્યા રૂ. ૫૦૦૧/- (૩) શ્રી હેમાંગીનીબેન એ. જોશી રૂ. ૧૦૦૧/- (૪) શ્રી અંજનાબેન એમ. દવે રૂ. ૧૧૦૦/- (૫) જયશ્રીબેન એન. પંડ્યા રૂ. ૧૦૦૧/- (૬) ભારતીબેન પી. પંડ્યા રૂ. ૧૦૦૧/- (૭) ભારતીબેન એ. ભટ્ટ રૂ. ૫૦૧/-

ખાસ નોંધ - સામા પાયમ કેવડાત્રીજમાં આવેલ રકમ (૧) સ્મિતાબેન બી. પંડ્યા રૂ. ૧૧૦૧/- (૨) ગીતાબેન આર. દવે રૂ. ૧૦૦૧/- (૩) રાગિણીબેન બી. દવે રૂ. ૮૦૦/- (૪) અન્ય બહેનોએ રૂ. ૬૮૨૩/-

આ સાથે લ્હાણી વિતરણના દિવસે માયાબેન તરફથી સર્વે કારોબારી બહેનોએ ચા-નાસ્તો આપવામાં આવ્યો હતો. એમનો ખૂબ ખૂબ આભાર. સર્વે દાતાઓના અમો સૌ ખરા દિલથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**દક્ષાબેન જે. ખંભોળજા** — **રીટાબેન એમ. ધગટ**

**પ્રમુખ** — **મંત્રી**

**સર્વે કારોબારી સભ્ય બહેનો**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

(૧) સ્વ. જશોદાબેન દયાશંકર દવે, સ્વ. દયાશંકર હરિશંકર દવેના સ્મરણાર્થે જ્ઞાતિ ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન મળેલ છે. હસ્તે - કિરીટકુમાર મંગુપ્રસાદ દવે (૨) સ્વ. ઉર્મિલાબેન મંગુપ્રસાદ દવે, સ્વ. મંગુપ્રસાદ દયાશંકર દવેના સ્મરણાર્થે જ્ઞાતિ ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન મળેલ છે. હસ્તે - કલ્પનાબેન કિરીટકુમાર દવે (૩) કલ્પનાબેન કિરીટકુમાર દવે કિરીટકુમાર મંગુપ્રસાદ દવેની પ્રેરણાથી જ્ઞાતિ ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન મળેલ છે. હસ્તે - રિદ્ધી રૂચીર દવે (૩) રિદ્ધી રૂચીર દવે રૂચીર કિરીટકુમાર દવે

દ્વારા ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન મળેલ છે. (૪) મહેશકુમાર ચીમનભાઈ દવેની પ્રેરણાથી સ્વ. પ્રિતીબેન મહેશકુમાર દવેની સ્મૃતિમાં જ્ઞાતિ ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન મળેલ છે. હસ્તે – જયનાબેન રિજ્ઞેશભાઈ દવે તથા સ્નેહલબેન શિલ્પેશભાઈ દવે તરફથી દાન મળેલ છે.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુન ઠાકર**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, “મંગલમ સ્ટોર્સ”, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**વિવિધ હરિફાઈ :**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા તા. ૫-૧-૨૦૨૫ના રોજ નીચે મુજબની વિવિધ હરીફાઈઓનું આયોજન દર વર્ષની જેમ જ કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા બાળકો, યુવક, યુવતીઓ તથા મહિલાઓએ તૃપ્તિબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૪૨૧૭ પર પોતાના નામ નોંધાવી દેશો (૧) વાનગી હરિફાઈ-ફરસાણ-મીઠાઈ (૨) મહેંદી (૩) રંગોળી (૪) ક્વીઝ કોન્ટેસ્ટ (૫) સંસ્કૃત શ્લોક બોલવા તથા (૬) બાળકો માટે ચિત્ર સ્પર્ધા

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી ઉમરેઠ-ડાકોર સ્થિત જરૂરીયાત મંદ જ્ઞાતિજનોને પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનનો પ્રવાહ અપાતો રહ્યો છે. તેની આ મહિનાની યાદી આ મુજબ છે.


(૧) શ્રી વૈશાલીબેન જશવંતભાઈ પંડ્યા રૂ. ૧૧૦૦૦/- (૨) ડૉ. શ્રી સચીન્દ્રભાઈ એસ. વૈદ્ય (પંડ્યા) રૂ. ૫૦૦૧/- (૩) શ્રી રાજેન્દ્રભાઈ દવે રૂ. ૩૫૦૦/- (૪) શ્રી બાજખેડાવાળ સમાજ ટ્રસ્ટ ઉમરેઠ રૂ. ૧૧૦૦૦/-

શૈક્ષણિક ટ્રસ્ટ ફંડ – શ્રી જગદીશભાઈ નટવરલાલ દવે રૂ. ૨,૫૧,૦૦૦/-

**મંત્રીશ્રી** — **પ્રમુખ**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **દર્શનાબેન ભટ્ટ**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Shyama Harkantbhai Shelat |
| Height | : | 4’-11’’ |
| Weight | : | 55 Kg. |
| Birth Date | : | 02-09-1993 |
| Birth Time | : | 09.16 a.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | BBA-Gujarat University, Diploma in Dance Foundation Course - Terence Lewis Institute Diploma in Event Management - Asian Academy of Film & Television |
| Profession | : | Service |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Ashwina Harkant Shelat |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Harkant Shelat |
| Address | : | 5, Adarsh Society, Opp. Patel Party Plot, R. V. Desai Road, Vadodara-390001 |
| Mobile No. | : | 9408091868, 9426574541 |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | Situational Extrovert and Introvert, Career-Oriented |
| Gotra | : | Upamanyas |
| Nakshatra | : | P.Bhadrapad |
| Rashi | : | Kumbha |
| Nadi | : | Adhya |
| Gan | : | Manushya |
| Varna | : | Shudra |
| Yoni | : | Lion |
| Varg | : | Manav |




નામ : કુ. મેઘા રાકેશભાઈ દવે ઊંચાઈ : ૫'-૩'' વજન : ૬૫ કિલો

જન્મતારીખ : ૨૩-૦૫-૧૯૯૯ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૦૯.૧૫ દિવસે

અભ્યાસ : એમ.ફાર્મ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : -




ગોત્ર : શાંડિલસ્ય

રાશિ : સિંહ

નક્ષત્ર : પૂ.ફાલ્ગુની

નાડી : મધ્ય

માતાનું નામ : તૃપ્તિબેન રાકેશભાઈ દવે

ભાઈ/બહેન : ૧-બહેન-અપરણિત

પિતાનું નામ : રાકેશભાઈ હરિહરભાઈ દવે

સરનામું : ૧૪, સતનામ સોસાયટી, જવાહર ચોક, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

ફોન/મોબાઈલ : ૯૭૨૪૭૬૭૩૩૪

---


નામ : ચિ. દેવ નયેશકુમાર ભટ્ટ ઊંચાઈ : ૫'-૯'' વજન : ૭૮ કિલો

જન્મતારીખ : ૧૯-૧૨-૧૯૯૬ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૪.૫૫ સવારે

અભ્યાસ : બી.ઈ. સિવિલ એન્જીનીયરીંગ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી - ધંધો

માસિક આવક : -




ગોત્ર : લંકાનસ

રાશિ : મીન

નક્ષત્ર : રેવતી-૩

નાડી : અંત્ય

માતાનું નામ : જાગૃતિબેન એન. ભટ્ટ

ભાઈ/બહેન : ૧-બહેન-પરણિત

પિતાનું નામ : નયેશકુમાર ચુનીલાલ ભટ્ટ

સરનામું : ૧૦૨, સદ્‌ભાવ ફ્લેટ, ૩૪/૩, જયંત પાર્ક સોસાયટી, ભાડુઆતનગર, ઘોડાસર, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૫૦

ફોન/મોબાઈલ : ૯૫૫૮૦૦૩૫૦૪, ૯૬૬૨૨૦૦૯૨૦


નામ : ચિ. ધ્રુવ જીતેન્દ્રભાઈ જોષી ઊંચાઈ : ૫'-૦૦'' વજન : ૬૮ કિલો

જન્મતારીખ : ૧૬-૧૨-૨૦૦૧ જન્મસ્થળ : મુંબઈ જન્મસમય : ૦૫.૩૬ સાંજે

અભ્યાસ : બી.કોમ., એમ.કોમ.

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૩૨,૦૦૦/-




ગોત્ર : વચ્છસ

રાશિ : ધન

નક્ષત્ર : અશ્વિન

નાડી : મધ્ય

માતાનું નામ : રસીલાબેન જીતેન્દ્રભાઈ જોષી

ભાઈ/બહેન : ૧-ભાઈ-અપરણિત

પિતાનું નામ : જીતેન્દ્રભાઈ અંબાલાલ જોષી

સરનામું : બી-૧૦૧, પરમ પેરાડાઈઝ, રામેશ્વર સ્કૂલની બાજુમાં, ગોત્રી, વડોદરા

ફોન/મોબાઈલ : ૯૮૨૪૮૨૯૦૯૩, ૯૮૨૪૮૨૯૦૯૩

---


નામ : ચિ. વિનીત વિનોદકુમાર ખંભોળજા ઊંચાઈ : ૫'-૮'' વજન : ૮૨ કિલો

જન્મતારીખ : ૨૭-૦૫-૧૯૯૧ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૦૫.૪૫ સવારે

અભ્યાસ : એમ.કોમ., ડીપ્લોમાં કોમ્પ્યુટર સાયન્સ

મૂળવતન : ડાકોર વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૫૩૦૦૦/-




ગોત્ર : વચ્છસ

રાશિ : તુલા

નક્ષત્ર : વિશાખા-૨

નાડી : અંત્ય

માતાનું નામ : નીતાબેન વિનોદકુમાર ખંભોળજા

ભાઈ/બહેન : નથી


પિતાનું નામ : વિનોદકુમાર કનૈયાલાલ ખંભોળજા

સરનામું : બી-૯, અમુલ પાર્ક, સર્કીટ હાઉસની સામે, અમુલ ડેરી પાસે, આણંદ

ફોન/મોબાઈલ : ૯૪૨૮૪૮૬૬૩૨


નામ : ચિ. વેદાંત યોગેશચંદ્ર દવે
ઊંચાઈ : ૫'–૨''
વજન : ૫૦ કિલો
જન્મ તારીખ : ૧૮–૦૮–૧૯૯૫
જન્મ સમય : ૧૧.૩૬ બપોરે
જન્મ સ્થળ : અમદાવાદ
અભ્યાસ : એમ.કોમ. – નાણાંકીય અને મેનેજમેન્ટ એકાઉન્ટીંગ
વ્યવસાય : નોકરી
માસિક આવક : –
મૂળ વતન : ઉમરેઠ
માતાનું નામ : નીતાબેન યોગેશચંદ્ર દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત
મોસાળ : –
પિતા : યોગેશચંદ્ર ચીમનલાલ દવે
સરનામું : બી–૩૩, હરિદ્વાર સોસાયટી, જુનો કોસાડ રોડ, અમરોલી, સુરત–૩૯૪૧૦૭
મોબાઈલ નં. : ૯૯૨૫૮૩૫૦૨૩, ૯૮૭૯૮૬૦૭૨૦
ઈ–મેઈલ : vedant.dave1995@gmail.com
સંપર્ક : –
સરનામું : –
ફોન નંબર : –
પસંદગી : –
નોંધ : –

ગોત્ર : શાંડિલ્ય
નક્ષત્ર : કૃતિકા–૨
રાશિ : વૃષભ
નાડી : અંત્ય
ગણ : રાક્ષસ
વર્ણ : વૈશ્ય
યોનિ : મેષ
વર્ગ : ગરૂડ




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. ડૉ. હર્ષ હિરેનભાઈ જોષી |
| ઊંચાઈ | : | ૫'-૬'' |
| વજન | : | ૮૦ કિલો |
| જન્મ તારીખ | : | ૧૭-૦૯-૧૯૯૮ |
| જન્મ સમય | : | ૦૭.૫૫ સવારે |
| જન્મ સ્થળ | : | આણંદ |
| અભ્યાસ | : | એમ.બી.બી.એસ., માસ્ટરની તૈયારી |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | રશ્મિકાબેન હિરેનભાઈ જોષી |
| ભાઈ/બહેન | : | ૧-બહેન-પરણિત |
| મોસાળ | : | |
| પિતા | : | હિરેનભાઈ ઈન્દ્રવદન જોષી |
| સરનામું | : | ૧૫-એ, વૈકુંઠ પાર્ક સોસાયટી, મારૂતિ કુંડળની સામે, સાંઈબાબા મંદિર રોડ, ૮૦ ફૂટ રોડ, આણંદ |
| મોબાઈલ નં. | : | ૯૩૨૭૨૬૧૫૮૫ (હિરેનભાઈ), ૯૪૨૯૩૨૮૨૮૦ (રશ્મિકાબેન) |
| ઈ-મેઈલ | : | - |
| સંપર્ક | : | - |
| સરનામું | : | - |
| ફોન નંબર | : | - |
| પસંદગી | : | - |
| નોંધ | : | - |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | પૌનસ |
| નક્ષત્ર | : | આશ્લેષા |
| રાશિ | : | કર્ક |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | - |
| વર્ણ | : | - |
| યોનિ | : | - |
| વર્ગ | : | - |



| | |
|---|---|
| Name | : Chi. Dhruv Vilas Tarwadi |
| Height | : 5’-7’’ |
| Weight | : 65 Kg. |
| Birth Date | : 11-03-1999 |
| Birth Time | : 12.40 p.m. |
| Birth Place | : Bharuch |
| Education | : B.Tech Computer Engineering |
| Profession | : Job |
| Monthly Income | : Rs. 1,00,000/- |
| Native Place | : Umreth |
| Mother Name | : Kiran Vilas Tarwadi |
| Borther/Sisters | : - |
| Maternal Place | : Mahendra Ravishankar Pandya-Bharuch |
| Father | : Vilas Suresh Tarwadi |
| Address | : Plot No. 4, Survery No. 568, Kanchanganga Society, Near Kalyan Bhel, Bibwewadi-Kondhwa Road, Pune-411037, Maharashtra |
| Phone No. | : 8600931065 |
| Mobile No. | : 9823089295 |
| E-mail | : kirtanvt@gmail.com |
| Contact | : As Above |
| Address | : As Above |
| Phone | : As Above |
| Choice | : Well-Educated |
| Note | : No Mangal and Shani |
| Gotra | : Vatsa |
| Nakshatra | : Mul |
| Rashi | : Dhanu |
| Nadi | : Aadya |
| Gan | : Rakshas |
| Varna | : Kshatriya |
| Yoni | : Shwan |
| Varg | : |



## શૈક્ષણિક સમાચાર

- નડિયાદ નિવાસી પાર્થ–ઉદય જોષીને ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ દિલ્હીમાં આઈ.સી.એ.આર. દ્વારા આયોજીત ભારત રત્ન ડૉ. એમ. એસ. સ્વામિનાથન એવાર્ડથી સન્માનિત કરાયા છે. તથા ૪ ઓકટો–૨૦૨૪ના રોજ દહેરાદૂનમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં હોર્ટકલ્ચર તથા પેસ્ટ મેનેજમેન્ટમાં "યંગ પ્રોફેશનલ" એવોર્ડથી સન્માનિત કરાય છે. જે જ્ઞાતિ માટે ખૂબ જ ગર્વની બાબત છે. તેઓના તરફથી રૂ. ૨૫૧/– ભેટ મળેલ છે.

---

## રત્નકણિકા

- કોઈને ખરાબ ચીતરવા નહિ, એમાં કલર તો આપણો જ વપરાય છે.
- જીવનમાં થોડું સહન કરતા તો શીખવું જોઈએ કારણ કે આપણામાં પણ ઘણી બધી ખામીઓ છે જે બીજા લોકો સહન કરે છે.
- જેવા સાથે તેવા એ બધી કહેવાની વાતો છે. બાકી સારો માણસ ગમે એટલો હેરાન થાય ખરાબ નથી બની શકતો.
- મનને બદલી શકાય છે પણ 'હું' મનમાં હોય તેને બદલી શકાતો નથી.
- જીવનમાં ક્યારેય કોઈની સાથે તમારી તુલના ન કરો તમે જે રીતે છો તે રીતે તમે શ્રેષ્ઠ છો.
- આ દુનિયામાં ખુશનસીબ માત્ર એ જ છે જે પોતાના નસીબથી ખુશ છે.
- લોકો ભલે ઓળખો નામથી છે પણ યાદ તો સ્વભાવથી જ રાખે છે.
- સમાધાન એટલે જીવનના એ બધા જ પ્રશ્નો પર પૂર્ણવિરામ જેના જવાબ નથી મળ્યા કે ના તો મળવના.
- સુવિચારોને વાંચીને પરિવર્તન નથી આવતું, સુવિચારો પર ચાલવાથી પરિવર્તન આવે છે.
- આજનો દરેક સંઘર્ષએ આવતીકાલની સિદ્ધિનું કારણ છે.
- મનગમતું બોલવા માટે અણગમતું સાંભળવાની તાકાત પણ હોવી જરૂરી છે.
- ભલે અરીસાની કિંમત હીરા કરતા ઓછા હોય પણ હીરાના આભૂષણો પહેર્યા પછી દરેક વ્યક્તિ અરીસો શોધે છે.
- એક સંબંધ લીમડા જેવો રાખવો, જે શિખામણી કડવી આપે પણ તકલીફમાં ઠંડો છાંયડો પણ આપે.
- ખબર અંતરનો અર્થ એ છે કે, અંતર ભલે ગમે તેટલું હોય પરંતુ ખબર રાખવી એ જ સાચી લાગણી.
- વિચારો વાંચીને પરિવર્તન આવતું નથી, પણ વિચારો પર ચાલવાથી પરિવર્તન આવે છે.
- દુનિયા દુર્જનોથી દુર્જનતાથી જેટલી નથી પીડાતી, તેટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે.

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO Ahmedabad on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024 LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024 Published on 27th Every Month

**WebSite પર પત્રિકા મેળવવા માટે**

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

**What's APP પર પત્રિકા મેળવવા માટે**

*છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810